For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### નવા વર્ષને વધાવવા સુરતીઓમાં ઉત્સાહ, હજારો પરિવારો બહારગામ દોડ્યા

# બાય-બાય 2025, વેલકમ 2026

**પોલીસની** તાણ વધતા સુરતીઓએ દૂરના દરિયાકિનારાઓ, હિલ સ્ટેશનો પર પસંદગી ઉતારી

**દમણ**-સેલવાસ ઉપરાંત મહારાષ્ટ્રના અનેક ઉજવણી સ્થળોએ હોટલ-રેસ્ટોરન્ટ્સ પેક

સુરતઃ 31 ડિસેમ્બર, નવા વર્ષનાં સેલિબ્રેશનને ગણતરીનાં કલાકો રહી ગયા છે, ત્યારે લોકોનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે. સુરતમાં નવા વર્ષની રાત્રે ભારે રશ થતો હોવાને કારણે અનેક પરિવારો, મિત્રમંડળો અને ગ્રુપ પાર્ટીઓ માટે લોકો હવે સુરતની બહારનાં ડેસ્ટિનેશનો ઉપર પહોંચી ગયાં છે. સુરત સહિત આજુબાજુનાં સ્થળો

...અનુસંધાન પાના 9 પર




આજે તા.31મીએ ઈસવીસન 2025 વિદાય લેશે અને વર્ષ 2026નું આગમન થશે. નવા વર્ષને વધાવવા માટે લોકોમાં થનગનાટ છે ત્યારે વધેલી ઠંડીની સાથે વર્ષના અંતિમ દિવસની છેલ્લી સાંજ આહ્લાદક રીતે કેમેરામાં કેદ થઈ હતી.

### સુરતમાં આજે 31મી ડિસે. જામશે, પારો એક જ દિવસમાં 2.7 ડિગ્રી ગગડ્યો

સુરતઃ શહેરમાં આજે તાપમાનમાં ઘટાડો નોંધાવાની સાથે પવનો શાંત પડ્યા હતા. સાથે જ ભેજનું પ્રમાણ પણ વધ્યું હતું. જેને કારણે શહેરમાં આજે ઠંડીનો અનુભવ થયો હતો. સુરતમાં એક જ દિવસમાં પારો 2.7 ડિગ્રી નીચે ઉતરી જતાં આવતીકાલે 31મી ડિસે.ના રોજ સહેલાણીઓને ઠંડીમાં મજા પડી જશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરના હવામાનમાં ગઈકાલની તુલનામાં આજે નોંધપાત્ર ફેરફાર નોંધાયો છે. 29 ડિસેમ્બર 2025ના રોજ મહત્તમ

...અનુસંધાન પાના 9 પર

### સુરતીઓ છેક ગોવા, પંચગીની અને મહાબલેશ્વર સુધી લંબાયા

સુરત તથા દક્ષિણ ગુજરાતની હોટેલ્સોમાં બુકિંગો ફૂલ થઈ ગયાં છે, તેથી સુરતીઓ મહારાષ્ટ્રના ગોવા, પંચગીની અને મહાબલેશ્વર પહોંચ્યા છે. આ ઉપરાંત કોંકણ પટ્ટા ઉપર રત્નાગીરી તથા તેની આજુબાજુનાં સ્થળો જ્યાં એટલાં પ્રમાણમાં લોકો નથી હોતા તેવાં સ્થળો ઉપર પણ ન્યૂ યર સેલિબ્રેટ કરવા માટે સુરતીઓ પસંદગી ઉતારી રહ્યાં છે.

# થર્ટી ફર્સ્ટ અને દારૂ પીધો તો હાલત વર્સ્ટ

**વર્ષના** અંતિમ દિવસની રાત્રે સુરતમાં 6 લાખથી વધુ લોકો સડકો, પ્રવાસન સ્થળો, હાઈવે પર ઊમટી પડવાનો પોલીસનો અંદાજ

**ખૂણે**-ખાંચરે, એન્ટ્રીગેટ્સ, સ્ટેટ અને નેશનલ હાઈવે, દરિયા કિનારાઓ સહિતનાં સ્થળો પર પોલીસનો લોખંડી બંદોબસ્ત

સુરતઃ ઈસુના વર્ષના અંતિમ દિવસ એટલે કે થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈને સુરત શહેર અને જિલ્લા પોલીસ સંપૂર્ણ હાઈ એલર્ટ પર છે. ન્યૂ યર ઈવની રાત્રે શહેરની સડકો, પ્રવાસન સ્થળો અને હાઈવે પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે, તેવા અંદાજ સાથે પોલીસે વ્યાપક સુરક્ષા આયોજન અમલમાં મૂક્યું છે. થર્ટી ફર્સ્ટની રાત્રે સુરત શહેરમાં આશરે ૬ લાખ જેટલા લોકો ઉજવણી માટે બહાર નીકળશે, તેવો અંદાજ પોલીસ તંત્રએ લગાવ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત શહેર, જિલ્લા, સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે તેમજ લોકલ રોડ પર કુલ

...અનુસંધાન પાના 9 પર

### હાઈવે અને બીચ વિસ્તારો પર કડક નજર

સુરત જિલ્લા પોલીસે હાઈવે અને બીચ વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ડુમસ રોડ, ઉભરાટ બીચ તેમજ દમણ તરફ જતાં માર્ગ પર વધારાની પોલીસ ફોર્સ સાથે મોબાઈલ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. તમામ મુખ્ય એન્ટ્રી પોઈન્ટો પર ચેકપોસ્ટ ઉભી કરી વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. નશામાં વાહન ચલાવનાર, ઓવરસ્પીડ અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર સામે તાત્કાલિક દંડાત્મક કાર્યવાહી કરાશે.

### મહિલાઓની સુરક્ષા અને શાંતિપૂર્ણ ઉજવણી પર ભાર

ન્યૂ યર ઈવ દરમિયાન મહિલાઓની સુરક્ષા માટે સુરત પોલીસ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ભીડભાડવાળા વિસ્તારો, મોલ, પાર્ટી ઝોન અને જાહેર સ્થળોએ મહિલા પોલીસ જવાનોની વિશેષ તૈનાતી કરવામાં આવી છે. કોઈપણ પ્રકારની છેડછાડ, અશોભનીય વર્તન કે તોફાનની ફરિયાદ મળતાં જ તાત્કાલિક કાર્યવાહી કરાશે.

# બેંગકોકની ફ્લાઈટ બર્ડ હિટ સાથે દિલ્હીથી સુરત આવી

**મોટું** પક્ષી વિમાનના એન્જિન સાથે અથડાતાં પેસેન્જર્સની સુરક્ષા માટે એરક્રાફ્ટ ગ્રાઉન્ડેડ તપાસ માટે મુંબઈથી એન્જિનિયર્સની ટીમ બોલાવાઈ

**સુરતથી** બેંગકોક થર્ટી ફર્સ્ટ ઉજવવા જઈ રહેલા 133 પેસેન્જર માટે જયપુરથી બીજું વિમાન મંગાવી 11 કલાક પછી બેંગકોક મોકલાયાં

સુરતઃ મંગળવારે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટથી સુરત આવી સુરતથી બેંગકોક જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ સાથે બર્ડ હીટની ઘટના બની હતી. જેના લીધે એર ઈન્ડિયા એક્સપ્રેસનું દિલ્હીથી સુરત આવેલું એરક્રાફ્ટ ગ્રાઉન્ડેડ કરવું પડ્યું હતું. મોટું પક્ષી વિમાનના એન્જિન સાથે અથડાતાં પેસેન્જર્સની સુરક્ષા માટે એરક્રાફ્ટ ગ્રાઉન્ડેડ તપાસ માટે મુંબઈથી એન્જિનિયરોની ટીમ બોલાવાઈ હતી.

સુરતથી બેંગકોક જતી ફ્લાઇટ મોડી પડતાં પેસેન્જર્સે પ્રારંભમાં હોબાળો મચાવ્યો હતો. પણ એરલાઈન્સ દ્વારા સાચી સ્થિતિની જાણ કરી બીજું એર ક્રાફ્ટ જયપુરથી મંગાવી 133 પેસેન્જરને 11 કલાક પછી બેંગકોક મોકલાયા હતા. વૈકલ્પિક ફ્લાઇટ જયપુરથી મોડી આવતા સુરતથી બેંગકોક

...અનુસંધાન પાના 9 પર




### દિલ્હી એરપોર્ટથી ટેક ઓફ થયેલી ફ્લાઇટ સુરત એરપોર્ટ સવારે 7:30 કલાકના બદલે 11:13 કલાકે પહોંચી હતી

મંગળવારે નવી દિલ્હી એરપોર્ટ પર ગાઢ ધુમ્મસને લીધે દિલ્હી-સુરત-બેંગકોક-સુરત ફ્લાઇટ દિલ્હી એરપોર્ટથી જ સુરત મોડી આવી હતી. એના લીધે સુરતથી બેંગકોક જવા માંગતાં પેસેન્જર અટવાયા હતા. એરપોર્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે, નવી દિલ્હીમાં ફોગને લીધે આ ફ્લાઇટ સુરત 4 કલાક મોડી ટેકઓફ થઈ હતી. સવારે 5:25 કલાકને બદલે 9:46 કલાકે ટેક ઓફ થઈ હતી. એ પછી આ ફ્લાઇટ સુરત એરપોર્ટ પર સવારે 7:30 કલાકના બદલે 11:13 કલાકે પહોંચી હતી. સુરત એરપોર્ટ પર ફ્લાઇટ લેન્ડ થાય એ પહેલાં જ પાયલટે વિમાનના એન્જિન સાથે 'બર્ડ હિટ' ની ઘટના બની હોવાની ફરિયાદ એટીસીને કરી હતી.

### સુરત એરપોર્ટ પર ઓપરેશનલ એરિયામાં તપાસમાં બર્ડનાં અવશેષ મળ્યાં નથી: આનંદકુમાર શર્મા

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના ડિરેક્ટર આનંદકુમાર શર્માએ જણાવ્યું હતું કે, દિલ્હીથી સુરત આવી રહેલી એરઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટના પાયલટે એટીસીને બર્ડ હિટ થયાની જાણ કરી હતી. આ ફ્લાઇટ સુરત આવી સુરતથી બેંગકોક જાય છે. બર્ડ હિટ થયાની માહિતી મળતાં સુરત એરપોર્ટના રન-વે સહિતના ઓપરેશનલ એરિયામાં બે કલાક તપાસ કરવામાં આવી હતી. પણ હતાહત પક્ષીનાં કોઈ અવશેષો મળ્યાં ન હતાં. શક્ય છે કે, વિમાન સુરત એરપોર્ટ આવી રહ્યું હોય ત્યારે બર્ડ હિટની ઘટના બની હોઈ શકે છે. એના લીધે વિમાન ચકાસણી માટે ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું. એન્જિનિયર્સની ટીમ અવલોકન કરશે એ પછી વિમાન એની આગળની યાત્રા કરશે .




### સુરતના નવા રેલવે સ્ટેશનના ફેઝ-1ની કુલ કામગીરી 46 ટકા પૂરી

# MMTH: એલિવેટેડ રોડના 64 થાંભલા, કોનકોર્સ 40 ટકા તૈયાર

**આખું** MMTH સેન્ટ્રલી એસી હશે, મુસાફરો માટે 35 એસ્કેલેટર અને 50 લિફ્ટ હશે

**પૂર્વ** તરફ સાત માળનું બિલ્ડિંગ બનશે, ભોંયતળિયે ટિકિટ બારી હશે, ત્રીજા માળે કોનકોર્સ હશે

સુરત : સુરતના રેલ્વે સ્ટેશન પર નિર્માણ પામી રહેલા MMTHની કામગીરી 46 ટકા પર પહોંચી ગઈ છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં પ્લેટફોર્મ લેવલથી આશરે 8 મીટર

...અનુસંધાન પાના 9 પર



### 145 મી. લાંબો અને 85 મી. પહોળા કોનકોર્સ લેવલ પર 10 હજાર મુસાફરો ઊભા રહી શકશે

આશરે 145 મીટર લાંબો અને 85 મીટર પહોળો આ કોનકોર્સ લેવલ 2,000 મુસાફરોની બેઠક ક્ષમતા અને 10,000 લોકોની ઊભા રહેવાની ક્ષમતા ધરાવતો હશે. જેમાં 900 ચોરસ મીટરનો રિટેલ એરિયા બનાવવામાં આવશે. આ એરિયામાં કેટરિંગ, મુસાફરોની સુવિધાઓ ધ્યાન અને તબીબી સુવિધાઓનો સમાવેશ થાય છે. કોનકોર્સ લેવલ સુધી પહોંચવા 10 એસ્કેલેટર અને 15 લિફ્ટ ઉપયોગ થશે. જે બધા પ્લેટફોર્મ સાથે જોડાયેલા છે.

### હજીરામાં NTPC પાછળ દીપડાની લટાર, CCTVમાં કેદ

સુરતઃ સુરત શહેરના હજીરા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડો દેખાવાની ઘટનાઓનું પુનરાવતર્ન થઈ રહ્યું છે. સદનસીબે અત્યાર સુધી દીપડાએ કોઈપણ વ્યક્તિ પર હુમલો કર્યો હોય તેવી એક પણ ઘટના નોંધાઈ નથી, છતાં સ્થાનિકોમાં ભય અને ચિંતા વ્યાપી છે.

ગઈકાલે રાત્રે હજીરા ખાતે આવેલી એનટીપીસી કંપનીના પાછળના વિસ્તારમાં સીસીટીવી કેમેરામાં એક દિપડો લટાર મારતો જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વન

...અનુસંધાન પાના 9 પર

### અગાઉ પાંજરે પુરાયો છે કે કેમ, તે પકડાયા બાદ ખુલાસો થશે

દીપડો પકડાયા બાદ તેની તપાસ કરવામાં આવશે કે આ દીપડો અગાઉ પણ કોઈ અન્ય વિસ્તારમાં પકડાયો હતો કે કેમ, તેમજ તે કુદરતી વન વિસ્તારમાંથી ભટકીને આવ્યો છે કે અન્ય કોઈ કારણસર શહેરમાં પ્રવેશ કર્યો છે. પકડાયેલા દીપડામાં ચીપ મુકવામાં આવે છે. જેથી બીજીવાર પકડાય તો તે અંગેનો ખ્યાલ કેળવી શકાય. વન વિભાગ દ્વારા સ્થાનિક લોકોને અપીલ કરવામાં આવી છે કે રાત્રિના સમયે અનાવશ્યક રીતે બહાર ન નીકળે, દિપડો નજરે પડે તો તાત્કાલિક વન વિભાગ અથવા પોલીસને જાણ કરે અને અફવા ફેલાવવાથી દૂર રહે.

# ભરૂચથી કીમનો એક્સપ્રેસ વે જાન્યુ.ના પ્રથમ સપ્તાહમાં ખુલ્લો મુકાશે

**અગાઉ** 31મી ડિસે.થી શરૂ થવાની ચર્ચા હતી, પરંતુ હજુ કામગીરી બાકી છે

**કીમનું** ઈન્ટરચેન્જ શરૂ થશે તો વાહનચાલક દહેગામથી કીમથી એના સુધી જઈ શકશે

ભરૂચઃ નવા એક્સપ્રેસ વેમાં હજુ એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટ તૈયાર થાય એ પહેલા 2025 વર્ષના છેલ્લા દિવસે એટલે કે તા.31મી ડિસેમ્બરથી દહેગામથી કીમ સુધીનો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ખુલ્લો મૂકવાની NHAI PIU સુરતના DGMએ જાણ કરી હતી પરંતુ હજુ પણ કામ બાકી હોવાથી આવતીકાલે કિમથી દહેજ સુધીનો એક્સપ્રેસ વે ખુલ્લો મુકાઈ શકે તેમ નથી. સંભવતઃ નવા વર્ષના પ્રથમ અઠવાડિયામાં આ એક્સપ્રેસ વેનો ભાગ ખુલ્લો મુકાઈ જશે. જો આ ભાગ ખુલ્લો મુકાશે તો એક્સપ્રેસ વે પરથી છેક એના સુધી જઈ શકાશે. આ પેચ ખુલ્લો મુકાતાં જ એક્સપ્રેસ વે પરથી જવા-આવવા માટે ભરૂચ શહેરમાંથી પસાર થવામાં લગભગ 30 કિમીના અંતરમાંથી મુક્તિ મળશે.

દિલ્હી અને મુંબઈને જોડતા નેશનલ એક્સપ્રેસ હાઈવે પર તા.31મી ડિસેમ્બરથી જ વાસદથી સીધા કીમ સુધી જઈ શકાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. NHAI PIU-સુરત પ્રોજેક્ટના DGM સંજયકુમાર યાદવે એક અરજદારને

...અનુસંધાન પાના 9 પર

### બારમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. તરૂલતાબેન ચંદ્રકાંતભાઈ મહાત્મા
સ્વ.તા. ૩૧-૧૨-૨૦૧૩

નજર સમક્ષ રહી હવે ફક્ત છબી જ જોવાની,
છોડયો હમારો સાથ અચાનક લીધી વિદાય,
કોને કહીશું અંતરની વાત,
તારા જીવનનાં દિવ્ય સ્મરણો હરહંમેશ રહેશે યાદ,
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અંતરની પ્રાર્થના.

લિ.

| | |
|---|---|
| સ્વ.ચંદ્રકાંતભાઈ પેણુભાઈ મહાત્મા | મીનળ ભૂપેન્દ્ર માયવાલા |
| ગૌરાંગ ચંદ્રકાંતભાઈ મહાત્મા | વર્ષા હિતેન્દ્ર જરીવાલા |
| ચૈતાલી ગૌરાંગ મહાત્મા | સ્વ.અસ્મિતા રજનીકાંત જડીયા |
| ચૈતન્ય ગૌરાંગ મહાત્મા | જશ્મા મયુર કાપડિયા |
| આર્ષિયા ચૈતન્ય મહાત્મા | જૈમિની કેતન ડાકોરિયા |
| તથા સમસ્ત મહાત્મા પરિવાર | દિપ્તી કમલેશ ચોકસી |

### ॥ આઠમી પુણ્યતીથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ ॥



સ્વ. પન્નાલાલ હિરાલાલ બચકાનીવાલા
સ્વ. તા. ૩૧-૧૨-૨૦૧૭

સત્કાર્યો તમારી શોભા હતી. સજ્જનતા તમારી સુવાસ હતી. પ્રસન્નતા તમારૂ જીવન હતુ. પરોપકાર તમારૂ જીવન હતુ. સતકર્મો અને સદાભાવના સભર જીવન જીવનાર પરિશ્રમ અને પરોપકારના મુર્તિમંત સ્વરૂપને, અમારા કોટી કોટી વંદન. પ્રભુ આપના દિવ્ય આત્માને સતલોકમાં ચિરકાલ સુધી સુશાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.....

લિ. ગં.સ્વ.રમાબેન પન્નાલાલ બચકાનીવાલા
દેવેન્દ્ર પન્નાલાલ બચકાનીવાલા-ભાવના દેવેન્દ્ર બચકાનીવાલા
ત્રિષા દેવેન્દ્ર બચકાનીવાલા
હિના અનિલકુમાર સોલંકી - અનિલકુમાર સોલંકી
કલ્પના હેમંતકુમાર સીંગાપુરી - હેમંતકુમાર સીંગાપુરી
ક્રિષ્ના જનકકુમાર જરીવાલા - જનકકુમાર જરીવાલા
નિશા, રાજીવ, શીવાની, કરણ, વિશ્વા, જહાન, કલચાની તથા સમસ્ત હિમસન પરિવાર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### હાર્દિક શ્રધ્ધાંજલી

૧૨મી પૂણ્યતિથીએ



ભરતભાઈ રતિલાલભાઈ પટેલ
સ્વ.તા. ૩૧-૧૨-૨૦૧૩

૧૬મી પૂણ્યતિથીએ



મંજુલાબેન ભરતભાઈ પટેલ
સ્વ.તા. ૦૩-૦૧-૨૦૦૯

સુખ દુઃખમાં સદા હસતા રહે તમે,
સૌના હૃદય માં વસતા રહ્યા તમે,
હતા નજર સમક્ષ પણ પાપણનાં
પલકારે મોક્ષ પામી ગયા,
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.

| | |
|---|---|
| સ્વ. રતિલાલભાઈ ભગાભાઈ પટેલ | ગં. સ્વ. પાલીબેન રતિલાલ પટેલ |
| પિયૂશ ભરતભાઈ પટેલ | ખુશીબેન પિયૂશભાઈ પટેલ |
| કમલભાઈ ભરતભાઈ પટેલ | પુજાબેન કમલભાઈ પટેલ |

વેદ, આનંદ, નેન્સી, રીહા, યાશી તથા સમસ્ત પરિવાર
કોળીવાડ, અડાજણ ગામ, સુરત.

### પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



અક્ષરવાસી ગોપાળભાઈ નરસિંહભાઈ પટેલ
જન્મ તા.૧૬/૦૯/૧૯૪૨
સ્વ.તા.૩૧/૧૨/૨૦૨૦

તમારૂં જીવન અમારી પ્રેરણા હતું,
તમારા આદર્શ અમારા માર્ગદર્શક હતા,
અમે તમારા સફળ જીવન, દયાળુ સ્વભાવ,
આદરતાને કયારેય નહિં ભૂલીએ. પરમકૃપાળુ પરમાત્મા
તમારા દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રભુને બે હાથ
જોડીને પ્રાર્થના સાથે શ્રધ્ધાંજલિ અર્પણ....

લિ. ગં.સ્વ.સવિતાબેન ગોપાળભાઈ પટેલ
નરેન્દ્રભાઈ ગોપાળભાઈ પટેલ
મમતાબેન નરેન્દ્રભાઈ પટેલ
વત્સલ નરેન્દ્રભાઈ પટેલ

### ઓગણીસમી પુણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. શ્રી સુરાજરામ હીરાલાલ બચકાનીવાલા
સ્વ તા. ૩૧-૧૨-૨૦૦૬

એક મજબુત નીવ, નિર્મળ લાગણીની...
એક દૃઢ વચન, અનંત સાથનો...
એક અદમ્ય ભરોસો, અતૂટ વિશ્વાસનો...
એક સાક્ષાત દૃષ્ટાંત, પરિવારનો મોભીની પ્રતિતીનું...
એવા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના...

લિ.
સ્વ. શ્રી ધનગૌરી સુરજરામ બચકાનીવાલા

| | |
|---|---|
| શ્રી રજનીકાંત સુરજરામ બચકાનીવાલા | સ્વ. ગીતા રજનીકાંત બચકાનીવાલા |
| શ્રી જયંત સુરજરામ બચકાનીવાલા | શ્રી પસ્મીના જયંત બચકાનીવાલા |
| શ્રી નિમેષ સુરજરામ બચકાનીવાલા | શ્રી અંજના નિમેષ બચકાનીવાલા |
| શ્રી રાકેશ સુરજરામ બચકાનીવાલા | શ્રી વર્ષા રાકેશ બચકાનીવાલા |
| સ્વ. કોકિલાબેન ઉપેન્દ્રકુમાર હાથીવાલા | શ્રી જ્યોતિબેન ગીરીશકુમાર જરીવાલા |
| શ્રી દક્ષાબેન ભૂપેન્દ્રકુમાર ધારીવાલા | શ્રી સંગીતાબેન ભરતકુમાર ડાકોરીયા |
| શ્રી નિશીતા જોયકુમાર ધમણવાલા | તથા સમસ્ત હિમસન પરિવાર |

### પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ...



સ્વ. હરીશચંદ્ર જેકીશનદાસ ખરવર
સ્વ.તા.: ૩૧/૧૨/૨૦૨૪

એક ચહેરો જે હૃદયમાંથી ભુલાય નહી,
એક વ્યક્તિ જે કયારેય વિસરાય નહી,
એક હુંફ જે કદીએ મળશે નહી,
જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે છે,
અને ફુલ બની આસપાસ મહેકયા કરે છે.
એવા તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ
અર્પે એજ અમારા સૌની પ્રાર્થના.

લિ.
સ્વ. ઉર્વશીબેન હરીશચંદ્ર ખરવર (પત્ની)
વિજયકુમાર હરીશચંદ્ર ખરવર (પુત્ર) શેફાલી વિજયકુમાર ખરવર (પુત્રવધુ)
હાર્દિક વિજયકુમાર ખરવર (પૌત્ર) હિનલ હાર્દિક ખરવર (પૌત્રવધુ)
પ્રણવ વિજયકુમાર ખરવર (પૌત્ર)
વિજયકુમાર ચંપકલાલ જરીવાલા (જમાઈ) નિમિષા વિજયકુમાર જરીવાલા (પુત્રી)
Hari Om Traders • K & S Eng. Work
સમસ્ત ખરવર પરિવાર
નિવાસસ્થાનઃ ૯/૧૨૪૭, બાલાજીરોડ, ખરવરશેરી, ભાગળ, સુરત.